અમદાવાદના મહે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૬, અમદાવાદ

ફોજદારી કેસ નંબર:- ૭૧૭૭૮/૧૯
આંક :-

ફરીયાદી : શ્રી સરકાર

:: વિરુધ્ધ ::

આરોપી : પાર્થ બિપીનભાઈ વ્યાસ.
રહે. બાપુનગર, અમદાવાદ.

ગુન્હો : આઈ.પી.સી. કલમ ૨૮૩ મુજબ

:: હુકમ ::

(૧) આ કામના હાલના આરોપી વિરૂધ્ધમાં ઈ.પી.કો. કલમ- ૨૮૩ મુજબનો ગુનો દાખલ થયેલ છે. આરોપી વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે, આરોપીએ તારીખ:-૨૩/૦૨/૧૯ ના રોજ પોલીસ કમીશ્નરશ્રીના જાહેરનામાનો ભંગ કરેલ છે. આથી આરોપી સામે હાલનું ઈ.પી.કો. કલમ- ૨૮૩ મુજબના ગુનાનુ ચાર્જશીટ પોલીસે કરેલ છે. તેને ફોજદારી કેસ રજીસ્ટ્રરે લઈ કોગ્નીજન્સ લેવામા આવેલ છે.

(૨) આરોપી આજ રોજ હાજર થઈ ગુનાની કબુલાત પુરશીશ આપેલ છે. આરોપીને સમજાવવામાં આવે છે કે, તેઓ ગુનો કબુલ કરવા માટે બંધાયેલા નથી અને જો ગુનો કબુલ કરશે તો પુરશીશનો ઉપયોગ તેમની વિરૂધ્ધમાં પુરાવા તરીકે કરી યોગ્ય તે સજા અંગે હુકમ કરવામાં આવશે. ત્યારબાદ આરોપીએ ગુનો કરેલ છે. જેથી આરોપીને કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. આરોપીને તહોમત સંભળાવી પ્લી રેકર્ડ કરતા તેમા પણ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આથી આરોપીને ચાર્જશીટ મુજબના ગુના અંગે દોષીત ઠરાવવામા આવે છે.

(૩) આરોપીને સજા બાબતે પુછતાં આરોપી જણાવે છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે. અને ગુના બદલ તેમને પસ્તાવો થાય છે. અને ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ ગુનો કરશે નહી. અગાઉ આવો ગુનો કરેલ નથી જેથી તેમના ઉપર દયા રાખવા અરજ ગુજારે છે.

(૪) આરોપીની રજુઆત ધ્યાને લીધી, ગુનાનો પ્રકાર અને સજાની જોગવાઈ ધ્યાને લીધી તે હીકકત છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે અને અગાઉ આવા પ્રકારનો કોઈગુનો કરેલ નથી અને ગુના બદલ આરોપી પસ્તાવો વ્યકત કરે છે. આમ આ તમામ હકીકત ધ્યાને લેતા આરોપીને વધુ સજા નહીં કરતાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આરોપીને જી.પી.એકટની કલમ ૧૩૧ ના ગુના માટે ક્રિમીનલ પ્રોસીઝર એકટની કલમ–૨૫૨ અન્વયે સજામા રૂા ૧૦૦/– (અંકે રૂપિયા એક સો ) પુરાનો દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરેતો દિવસ–૧ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે વચગાળાનો થયેલ હુકમ શરતો રદ કરી કાયમ કરવામા આવે છે. / મુદ્દામાલ અંગે પોલીસ ખરાઈ કરી માલીકને પરત સોપવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ સ્પે. મેજી. સીટીંગ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૧૪/૧૨/૧૯

મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૬,
અમદાવાદ.